# પ્રકરણ–૧૫
# (નિયમ સંગ્રહ–૧૪)

## કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો :

આ કોર્પોરેશન ધ્વારા વિવિધ યોજનાકીય / તાલીમ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. જેમાં બેન્કેબલ યોજના, એન.એસ.એફ.ડી.સી.યોજના તથા સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત તાલીમ આપવાના કાર્યક્રમનો સમાવેશ થાય છે. જે તમામ કાર્યક્રમો અન્વયે ધિરાણ / સહાય / તાલીમ મેળવવા માટે નીચે મુજબના ધોરણો નકકી થયેલ છે.

૧. અરજદાર અનુસૂચિત જાતિના સભ્ય અને ગુજરાત રાજયના વતની હોવા જોઈએ.
૨. અરજદારની ઉમંર ૧૮ વર્ષથી ઓછી અને ૬૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ. એન.એસ.એફ.ડી.સી.યોજના હેઠળ અરજદારની ઉંમર વધુમાં વધુ ૫૦ વર્ષ હોવી જોઈએ.
૩. અરજદાર જે તે કાર્યક્રમ અન્વયેની ઠરાવેલ આવક મર્યાદામાં આવવા જોઈએ.

| કાર્યક્રમનું નામ | આવક મર્યાદાનું ધોરણ | |
|---|---|---|
| | ગ્રામ્ય વિસ્તાર માટે | શહેરી વિસ્તાર માટે |
| બેન્કેબલ યોજના | રૂ.૧,૨૦,૦૦૦/– | રૂ.૧,૫૦,૦૦૦/– |
| એન.એસ.એફ.ડી.સી.યોજના | રૂ.૩,૦૦,૦૦૦/– | રૂ.૩,૦૦,૦૦૦/– |
| રાજય સરકાર સહાયિત યોજના | રૂ.૬,૦૦,૦૦૦/– | રૂ.૬,૦૦,૦૦૦/– |

૪. અરજદાર ધંધો કરવા શકિતમાન હોવા જોઈએ તેમજ સરકારી કે અન્ય કોઈ નાણાંકીય સંસ્થાના ડીફોલ્ટર ન હોવો જોઈએ.
૫. અરજદાર કે તેના કુટુંબનો સભ્ય સરકારમાં અથવા રાજય કે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં નોકરી કરતા ન હોવો જોઈએ.
૬. વાહનની યોજના અન્વયે અરજદાર જે તે વાહન ચલાવવાનો અધિકૃત લાયસન્સ ધરાવતા હોવા જોઈએ તેમજ ધંધાને અનુરૂપ અનુભવ ધરાવતા હોવા જોઈએ.
૭.તાલીમ કાર્યક્રમ અન્વયે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.
૮. અરજદારે સરકારશ્રીના કોઈપણ કાર્યક્રમ હેઠળ અગાઉ ધિરાણ/સહાય મેળવેલ હોવો ન જોઈએ.